सा विद्या विमुक्तये

# શારદ

વર્ષ - ૩૨ જાન્યુઆરી-૨૦૧૩ અંક ૩

## વાલીઓને.....

દરેક બાળક અન્ય બાળકથી અનેક બાબતોમાં ભિન્ન હોય તે સ્વાભાવિક છે છતાં બે બાળકોની સરખામણી સતત માતાપિતા કરતા રહે છે.

બાલમંદિરથી એક બાળક નર્સરી રાઈમ બોલવા લાગે કે બીજી માતાને અફસોસ થાય કે મારું બાળક આવું કેમ નથી કરી શકતું ! અન્ય બાળકને ૧ થી ૧૦૦ આવડી ગયા છે આ બાળકને હજુ કેમ નથી આવડતું! આમ સરખામણી અભ્યાસમાં, બોલવા ચાલવામાં, લેખનમાં, અભિવ્યક્તિમાં, એમ દરેક બાબતમાં થતી જ રહેતી જોવા મળે છે.

સમાજમાં અનેક સ્પર્ધાઓનું આયોજન થતું જ હોય અને દરેકને એમ લાગે છે કે મારું બાળક તેમાં જીતવું જ જોઈએ. પરીક્ષા લેવાઈ ? એમાં મારા બાળકના ગુણ સૌથી વધુ આવવા જ જોઈએ. 'આને ૭૯ ગુણ આવ્યા તને કેમ ૫૬ જ આવ્યા ?' આવા પ્રશ્નો બાળકને પૂછાતા જ રહે છે. જેનો જવાબ તેની પાસે નથી. ૫૬ ગુણ મેળવનાર બાળક અન્ય બાબતમાં વધારે સક્ષમ હોઈ શકે તે વિચારાતું જ નથી. મારા બાળકે શું બનવું જોઈએ તે હું નક્કી કરું છું બાળક નહીં. તેના રસના વિષયો કયા છે, તેને શું બનવું છે, એ બાબતો જરાય મહત્વની લેખાતી નથી. સંસ્કૃતનો એક શ્લોક યાદ આવી જાય છે.

**यो ध्रुवाणि परित्यज्य**
**अध्रुवम् परिसेवते**
**ध्रुवाणि तस्य नश्यन्ति**
**अध्रुवम नष्टमेव च !**

જે નિશ્ચિત રૂપે પ્રાપ્ય થઈ શકે તેવું હોય તેને છોડીને ન પહોંચી શકાય તેવું લેવા જતાં જે પ્રાપ્ત થવાનું હોય તે નથી પ્રાપ્ત થતું અને જે પ્રાપ્ય થઈ જ ન શકે તે તો પ્રાપ્ય થતું જ નથી. પરિણામ ? હતાશા.

બધા જ બાળકોમાં વિશિષ્ટ પ્રકારની શક્તિ પડેલી જ હોય છે તેને ઓળખીને માતાપિતાએ તેને અનુરૂપ તેનો યોગ્ય વિકાસ થાય એવા જ પ્રયત્નો કરવા જોઈએ અને પોતાના આગ્રહો, માન્યતાઓને તિલાંજલિ આપીને બાળકોનો યોગ્ય વિકાસ થાય તે જવાબદારીપૂર્વક જોવું જોઈએ.

વિદ્યાર્થી કક્ષાએ અનેક નિષ્ફળ જણાતા બાળકો પોતાનો રસ્તો કાઢીને ખૂબ આગળ વધ્યા હોય તેવા અનેક દાખલાઓ સમાજમાં દેખાય છે. બાળકોનો વિકાસ થાય તે સૌને ગમે પણ ક્ષેત્ર આપણે નહી બાળકે નક્કી કરવાનું છે. વિષયમાં ગુણ ઓછા કે વધુ આવે તે જોવા કરતા તેના વલણને ઓળખતા શીખવું આપણે માટે જરૂરી છે.

**દિનુભાઈ દવે**

( સ્મૃતિચિત્રોના સ્થાને શારદના આ અંકથી સામાન્ય જ્ઞાન અંગેના લખાણ આપવાનો ઉપક્રમ આવકાર્ય બનશે તેવી અપેક્ષા )

તમે જાણો છો ?

(૧) O.K. શબ્દ કેવી રીતે આવ્યો ?

યુરોપના એક રાજ્યમાં દુશ્મન પર હુમલો કરી લશ્કર પાછું ફરે ત્યારે જો કોઈ માનવ ખુવારી તેમાં ન થઈ હોય તો O killed આમ લખાતું O. એટલે કે O.K.(સેન્ડવીચ શબ્દ કેવી રીતે આવ્યો તે શોધજો.)

(૨) ઉત્તરાયણ અને મકરસંક્રાતિનો તહેવાર હવે એક દિવસે નથી આવતા. ઉત્તરાયણ ૨૨ ડિસેમ્બરના રોજ સૂર્ય ઉત્તર તરફ તે દિવસથી ખસવા લાગતો હોઈ તે દિવસ ઉત્તરાયણ અને ૧૪મી જાન્યુઆરીએ સૂર્ય ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશે છે માટે તે મકર સંક્રાતિ. (૨૨મી ડિસેમ્બર ઉત્તરગોળાર્ધમાં વર્ષનો નાનામાં નાનો દિવસ છે તે જાણો છો ને ? ઉત્તરગોળાર્ધમાં વર્ષનો મોટામાં મોટો દિવસ કયો ? અને સમગ્ર વિશ્વમાં કયા દિવસોએ દિવસ અને રાત સરખા હોય છે ?

(૩) તમે થોડી ગણતરી કરીને કોઈપણ સંખ્યાને નિ:શેષ ૨,૩,૫, ઈ અવયવો વડે ભાગી શકાય તેની ચાવી ભણો છો પરંતુ ૭ ની ચાવી ભણાવવામાં આવતી નથી તો હવે ૭ વડે પણ થોડી ગણતરી કરીને તે ચાવી વિશે જાણી લો. તે જાણવા માટે આપેલી સંખ્યાના એકમનો આંકડા કાપી બાકી રહેતી સંખ્યામાંથી કાપેલા એકમના આંકડાને બમણો કરી સંખ્યામાંથી બાદ કરતા જાવ. છેલ્લે ૦ આવે તો ભાગી શકાય અને ૦ ન આવે તો નિ:શેષ નથી ભાગી શકાતી તે જાણવા મળે. ઉદાહરણ તરીકે બે સંખ્યા લઈએ.

| | |
|---|---|
| ૩૨૦૫૨૩ | ૮૭૭૮૩૫ |
| - ૬ | ૮૭૭૮૩ |
| ૩૨૦૪૬ | - ૧૦ |
| ૧૨ | ૮૭૭૭૩ |
| ૩૨૯૨ | -૧૨ |
| ૪ | ૮૭૬૫ |
| ૩૨૫ | ૧૦ |
| ૧૦ | ૮૬૬ |
| ૨૨ | - ૧૨ |
| - ૨ | ૭૪ |
| ૦ | - ૮ |
| | -૧ |

૩૨૦૫૨૩ ને ૭ વડે નિ:શેષ ભાગી શકાય અને ૮૭૭૩૫ ને ૭ વડે નિ:શેષ ન ભાગી શકાય.

છેલ્લે કોયડો : ત્રણ આંકડાની સંખ્યા સાથે તેની બાજુમાં ત્રણ અંકો લખી બનતી છ આંકડાની સંખ્યાને ૧૩, ૧૧ અને ૭ એમ ત્રણે અંકોથી નિ:શેષ ભાગી શકાય તેનું કારણ શું તે શોધી કાઢો.

## 'બાળકની સહીસલામતી એક સમસ્યા'

'બેન ! તમને સમય છે ? હું એક વાલી બોલું છું. મારે એક બહુ જ જરૂરી વાત કરવી છે.'

'બેન ! જરૂરી વાત જ હોય તો એમાં સમયનો ક્યાં પ્રશ્ન જ રહે ? શું હતું ?'

ગઈકાલે મારો દિવ્યાંગ સ્કૂલમાંથી છૂટયા પછી ઘેર આવવા રીક્ષામાં બેઠો અને એક બાઈ તેની પાસે આવી, એને હાથમાં બિસ્કીટ આપવા માંડી, 'લે બિસ્કીટ ખાવું છે ?' બેન ! દિવ્યાંગ તો એવો ગભરાઈ ગયો.. કોઈ અજાણી આવી બાઈ આમ છોકરાને બિસ્કીટ આપે ! ઘેર આવીને એવો રડે.. એ બ્હી ગયો હતો' 'પણ રીક્ષાવાળો ત્યાં નહોતો ? એ શું કરતો હતો ?..'

'બેન ! એ છોકરાંઓને ગોઠવવામાં પડયો હશે બીજું શું ? આટલા બધાં છોકરાંઓને રીક્ષામાં ઠસોઠસ ભરવાના હોય તે એનું ધ્યાન ચારેબાજુ ક્યાંથી રહે ?..'

'પણ છોકરાંઓને સાચવવાની જવાબદારી તો એની ખરી જ ને ! છોકરાંઓની સહીસલામતી એણે જોવી ન જોઈએ ! એકાદ છોકરાને કંઈ થાય અને કોઈ છોકરું ખોવાય કે ગુમ થઈ જાય તો ! વખત કેવો છે ? ચારે બાજુ આજે તો બાળક ગુમ થયાનાં સમાચારો આવતાં જ રહે છે અને આપણાં બાળક સાથે આવું બને ત્યારે આપણો તો જીવ તાળવે જ ચોંટી જાય ને ! '

' એટલે જ તો તમારું ધ્યાન દોરું છું ને ! ' 'પણ બેન ! સ્કૂલમાં બાળક હોય ત્યાં સુધી હું તેની જવાબદારી સંભાળું પણ સ્કૂલ છૂટયા પછી બાળક ઝાંપાની બહાર નીકળે પછી એની જવાબદારી હું ઓછી જ સંભાળી શકું ! એ જવાબદારી તો વાલીની જ હોય ને ! તમે માબાપ કેમ એ માટે પૂરા જાગૃત રહેતાં નથી ! તકેદારી રાખતાં નથી ! યોગ્ય માણસોને સોંપતા નથી !'

સ્કૂલ છૂટે પછી વીસ પચીસ મીનીટ સુધી રોજ પાંચ સાત છોકરાઓ તો એવા નીકળે જ કે જેને કોઈ લેવા આવ્યું ન હોય, એમના ફોન કરવાનાં જ હોય, પાછાં ફોનમાં ય હવે તો ખાસ્સી મુશ્કેલી પડે છે, લેન્ડલાઈન ઉપડે જ નહીં, સેલફોન આવતાં કરીને લોકો લેન્ડલાઈન ઉપાડતાં જ નથી, અને સેલફોન પર પણ મીસકોલ જોવાની સગવડ હોવાને કારણે સેલફોન પણ લાગ્યો તો લાગ્યો ને નહીં તો ! નો રીપ્લાય... બાળક કેટલું મૂંઝાય ! ક્યારેક તો બાળક એવું નિઃસહાય બનીને રડવા માંડે છે, એને છાનું કેવી રીતે રાખવું ! એને કેટલી અનિશ્ચિતતા લાગે ! આપણાં પોતાનાં બાળક માટે આપણે સમયસર પહોંચી જઈએ એવી આપણામાં તાલાવેલી ન હોય! ટ્રાફિકની સમસ્યા નડે છે, પણ એ કંઈ એક દિવસની કે આજકાલની તો નથી જ ને ! એનો ખ્યાલ તો હોવો જ જોઈએ ને ! એ માટે સમય ફાળવીને જ આયોજન કરવું પડે ને !

અને પેલા વાનવાળા ભાઈ .... ! બે બે ફેરા કરે, એક ફેરાવાળા છોકરાંઓને ઉતારીને આવે ને પછી બીજા છોકરાંઓને લેવા આવે. પોણા વાગે સ્કૂલ છૂટી હોય, લગભગ એક કે સવા વાગ્યા સુધી છોકરાં અટવાતાં હોય, રોડ પર આઘાપાછાં થતાં હોય. અમે કહીએ અંદર ઉભા રહો તો કહે 'વાનવાળા અંકલે ના કહી છે.' વાનવાળા અંકલને તો બહાર છોકરાં હોય એટલે ઝપાટાબંધ છોકરાંઓને અંદર ભરી દેવાય, એ તો એની સુગમતા જ જુએ ને ! પણ આ છોકરાંઓની સહીસલામતીનું શું ? અત્યારે તો 'હીટ એન્ડ રન અવે' ને નહીં તો 'બાળકોના અપહરણ' ,ન છોકરાં અમારું માને કે ન વાનવાળા માને. છોકરાંઓ તો વાનવાળા પર જ આધારિત, એ બિચારા કરે શું ? અમારું કહ્યું કેવી રીતે માને ! આખરે તાજેતરમાં દિલ્હીનો બનાવ બન્યો અને વાનવાળા ડ્રાઈવરને બોલાવ્યો ને કહ્યું ત્યારે તે માન્યો છે ને હવે છોકરાઓને કંપાઉન્ડમાંથી લેવા તૈયાર થયો છે, ચિંતા તો એ વાતની થાય છે કે આપણે કેવા માણસો પર આધાર રાખવો પડે છે ! અને આ બાળકો, પોણા વાગે સ્કૂલ છૂટે તે દોઢ પોણા બે પહેલાં ઘેર પહોંચી ન શકે, બાળક કેટલા ભૂખ્યાં થતાં હશે ! એમને બે બે ફેરા કરવા છે પણ બાળકોનું શું ? શું માબાપ પોતે એ જવાબદારી ન સંભાળી શકે !

અરે ! ક્યારેક તો બાળકને કોઈ કારણસર તૈયાર થતાં મોડું થયું હોય તો સવારે મમ્મી કે પપ્પા મૂકી ગયાં હોય, પણ એ વાનવાળાને સમાચાર જ ન આપ્યા હોય કે 'અંકિત સ્કૂલમાં ગયો છે' તેને ઘેર પહોંચાડવાનો પ્રશ્ન ઉભો થાય, માબાપ માને વાનવાળો લેતો આવશે, વાનવાળાને ખબર જ ન હોય, કે તે સ્કૂલમાં આવ્યો છે, ને અંકિત રહી જાય, રડે, ઘરનો ફોન લાગે જ નહીં...વાનવાળાનો ફોન હોય નહીં.. રોજેરોજ આવી મુશ્કેલીઓ ઉભી થતી જ હોય છે. આપણા પોતાના બાળક માટે આવી અનિશ્ચિતતા કેવી રીતે ચલાવી લેવાય !

બાળકને સમયસર સ્કૂલમાં પહોંચાડવું અને સમયસર લેવા જવું એ બહુ અગત્યની જવાબદારી છે. એ ભાડૂતી માણસને સોંપીને નિશ્ચિંત કઈ રીતે થઈ શકાય ! દરેક બાળક પાસે વાલીના બે ફોન નંબર ઉપરાંત લેવા આવનાર રીક્ષાવાળા કે વાનવાળા ભાઈનો ટેલીફોન નંબર તરત જ કહે તે રીતે હોવા જ જોઈએ એ બહુ જરૂરી છે.

આખર તારીખના દિવસે ય આવા જ પ્રશ્નો ઉભા થાય છે. વાલીને જાણ માટે આગલા દિવસે સૂચના ફેરવી હોય કે સ્કૂલ વહેલી છૂટશે અને સ્કૂલનાં નોટિસબોર્ડ પર પણ લખ્યું હોય છતાંય એવા કેટલાક વાલી નીકળે કે જે ભૂલી જાય કે 'આજે વહેલા લેવા જવાનું છે' ને બાળક અકળાય મૂંઝાય ને અટવાય.. બાળકની થતી આ ઉપેક્ષાથી ખૂબ દુઃખ થાય છે, જીવનમાં બાળકની Priorityનો ક્રમ શું પાછળ જતો જાય છે ! આપણા ભાવિનો મદાર તો આપણે એની પર જ બાંધીને બેઠાં છીએ.. એને ટોપર બનાવવા તો આપણે આકાશપાતાળ એક કરીએ છીએ તો એની આટલી જવાબદારી અદા નહીં કરીએ !!!!

ઊર્મિલા શાહ

## પુસ્તક પરિચય

## 'સંતાન સ્કૂલમાં અને ઘરમાં'

પોતાના સંતાનની અનેક સમસ્યા હોય છે. તેને શાળામાં મૂકતા કયા માધ્યમમાં મૂકવો ત્યાંથી લઈને ઘરકામ, મિત્રો સાથેની સ્પર્ધા, સમયસર શાળામાં પહોંચાડવાની સમસ્યાથી લઈને તેના અનેક પ્રશ્નોનો મુકાબલો માબાપે કરવાનો થાય છે.

આવા બધા પ્રશ્નોની છણાવટ કરતું "સંતાન સ્કૂલમાં અને ઘરમાં" એ શીર્ષક હેઠળ ઊર્મિલાબેને વાલીઓને ખૂબ જ ઉપયોગી થાય તેવું પુસ્તક લખ્યું છે. વાલીઓને પોતાના સંતાનના અનેક પ્રશ્નોમાં માર્ગદર્શક આ પુસ્તક દરેક વાલીએ વાંચવા જેવું છે.

તેમના અન્ય પુસ્તકોની માફક આ પુસ્તક પણ શૈક્ષણિક સાહિત્યમાં આવકારદાયક ઉમેરો છે.

★★★

બાળક એ માત્ર પરિવારની સંપદા નથી, સમસ્ત સમાજની એ મોંઘી મિરાત છે. એના વિષેના ચિંતા અને ચિંતન સમાજમાં અગ્રતા ક્રમે થશે ત્યારે જ સમાજની આવતી કાલ ઊજળી થશે.

- મીરા ભટ્ટ

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

દિવાળી વેકેશન પૂરું થતાં જ શિયાળાની સવારની ઠંડીમાં બાળકો થનગનતા બાલમંદિરમાં આવી ગયા છે. બાલવાડીના બાળકો જીવનવ્યવહાર અને ઈન્દ્રીય શિક્ષણની પ્રવૃત્તિઓ હવે સરસ રીતે કરતાં થઈ ગયા છે.

તા.૨૯-૧૨-૧૨ના રોજ 'દલાતરવાડીની વાર્તા' પપેટ દ્વારા નિહાળી બાળકો ખુશખુશાલ થઈ ગયા હતા અને તેમાંય રીંગણાના શોખીન દલાતરવાડીને કૂવામાં ડૂબકાં ખાતાં જોઈને તો બાળકો ભારે આનંદમાં આવી ગયા હતા.

બાલવાડીના બાળકોએ નાતાલની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરી. નાતાલના ગીતો ગાયા, ડાન્સ કરી, વાર્તા સાંભળી, બાળકોને સાન્તાક્લોઝ બનાવી, ગીફ્ટ્સ વહેંચી.નાના નાના ક્રિસમસ ટ્રી બનાવી બાળકોને આપ્યા.

તા.૨-૧-૧૩ના રોજ બાલસભાનું આયોજન કર્યું. નાના નાના બાળકોએ એમની કાલીઘેલી ભાષામાં સુંદર વાર્તા કહી અને બાળગીતો રજૂ કર્યા.

ઉત્તરાયણ નિમિત્તે પતંગોત્સવનું આયોજન કર્યું. પતંગના અવનવા ગીતો ગાઈને શાળાના ક્રિડાંગણમાં પતંગો જોઈ બાળકોનો આનંદ સમાતો ન હતો. નાના નાના પતંગ બનાવી બાળકોને ઘરે આપ્યા.

શિયાળામાં રમતોત્સવ દરમ્યાન બાલવાડીના બાળકો સંગીત ખુરશી, બાઉલીંગ ગેમ, સમતોલનની રમત ખૂબ જ આનંદથી રમ્યા.

## બાલમંદિર

તા.૩-૧૨-૧૨ને સોમવારથી શાળાનું બીજું સત્ર શરૂ થતાં બાળકો હર્ષભેર શાળામાં આવ્યા.

શિયાળામાં કસરતથી થતા ફાયદા સમજાવી સમૂહ કસરતનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકો શિસ્તબદ્ધ લાઈનમાં ઉભા રહી ડ્રમના તાલે કસરત કરે છે.

નાતાલના તહેવાર નિમિત્તે બાળકોને માટીકામની પ્રવૃત્તિ આપી સ્નોમેન બનાવડાવ્યા. ક્રિસમસ ટ્રી માં રંગપૂરણી કરાવી. બાળકોને ઈસુ, મરિયમ ગીદુ જેવા પાત્ર બનાવી 'આવી નાતાલ' ગીત દ્વારા તહેવારની ઉજવણી કરી. બાળકોએ લેડી સાંતાક્લોઝ પાસેથી ભેટ મેળવી, મન ભરી નાચ્યાં ને ઝૂમ્યા.

તા.૨૯-૧૨-૧૨ના રોજ દલા તરવાડી પપેટ બતાવ્યું જેમાં વશરામભૂવા ને કૂવામાં ડૂબકા ખાતા નિહાળી બાળકો આનંદમાં આવી ગયા.

તા.૧૧-૧-૧૩ને શુક્રવારે ઉત્તરાયણની ઉજવણીમાં વિવિધ પતંગો, ફીરકી, ગુંદરપટ્ટી વગેરે બતાવી પતંગ ચગાવતા કેવી સાવચેતી રાખવી એ સમજાવ્યું. પતંગના ગીતો ગાઈ 'એ કાટ્ટા' ના નાદથી ક્રિડાંગણ ગૂંજી ઉઠયું.

તા.૧૬-૧-૧૩થી રમતોની હરિફાઈ ચાલુ કરી વિઘ્નદોડ, સંગીત ખુરશી, લીંબુ ચમચો, નિશાનતાક ધ્વજ રોપવો, મેમરી ગેઈમ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું.

## શિશુમંદિર

તા.૬-૧૧-૧૨ના રોજ ધોરણ ૩-૪ માટે કોડિયા ડેકોરશન સ્પર્ધા યોજાઈ.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**આરતી સ્પર્ધા :** તા.૨૫-૧૦-૧૨

| | | |
|---|---|---|
| પ્રથમ | આશ્ના અગ્રવાલ | મેઘનાદ |
| દ્વિતીય | ધ્રુવી અધ્વર્યુ | રત્નદીપ |
| | રાજસી પરીખ | મેઘનાદ |
| | રીશી શાહ | ધવલગિરિ |
| તૃતીય | હાર્દિ શાહ | ગંગોત્રી |
| | ધ્યાની કોઠારી | ગંગોત્રી |
| | ગ્રેસી પટેલ | રત્નદીપ |

**તોરણ સ્પર્ધા :** તા.૨૫-૧૦-૧૨

| | | |
|---|---|---|
| પ્રથમ | શૈલી શાહ | ગંગોત્રી |
| દ્વિતીય | અક્ષત ઝવેરી | ગંગોત્રી |
| તૃતીય | ધૈર્યા ઠક્કર | મેઘનાદ |
| | ઋષિકેષ દુધિયા | ધવલગિરિ |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા** તા.૬-૧૧-૧૨

| | | |
|---|---|---|
| પ્રથમ | ધૈર્યા ઠક્કર | મેઘનાદ |
| દ્વિતીય | ગ્રેસી પટેલ | રત્નદીપ |
| તૃતીય | હેત્વી દેસાઈ | રત્નદીપ |

**રંગોળી સ્પર્ધા :** તા.૬-૧૧-૧૨

| | | |
|---|---|---|
| પ્રથમ | યેશા સોલંકી | ધવલગિરિ |
| દ્વિતીય | અક્ષત શાહ | ધવલગિરિ |
| | ધ્રુવી અધ્વર્યુ | રત્નદીપ |
| તૃતીય | પ્રિયાંશી શાહ | ગંગોત્રી |
| | ઈશિતા અંટાલા | ગંગોત્રી |
| | આશ્ના અગ્રવાલ | મેઘનાદ |

**ટેબલ ડેકોરેશન સ્પર્ધા :** તા.૨૮-૧૨-૧૨

| | | |
|---|---|---|
| પ્રથમ | જીનીલ શાહ | મેઘનાદ |
| દ્વિતીય | શૈલી ગાડે | ધવલગિરિ |
| | કુશલ જેઠવા | ગંગોત્રી |
| તૃતીય | આશ્કા રાવલ | રત્નદીપ |

**સલાડ સ્પર્ધા :** તા.૨૮-૧૨-૧૨

| | | |
|---|---|---|
| પ્રથમ | ધ્રુવી શાહ | ધવલગિરિ |
| દ્વિતીય | યેશા સોલંકી | ધવલગિરિ |
| | જૈનમ શાહ | રત્નદીપ |
| તૃતીય | જલજ મહેતા | રત્નદીપ |
| | અંજનાબા ગોહિલ | મેઘનાદ |

## Shardamandir Modern School

ધોરણ ૩ અને ૪ ના વિદ્યાર્થીઓ માટે કોડિયા સ્પર્ધા યોજવામાં આવી. તા.૨૬-૧૨-૧૨ના રોજ ધોરણ ૩-૪ ના બાળકોએ ક્રિસમસ ટ્રી બનાવીને સુશોભન કર્યું.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**આરતી સ્પર્ધા :** તા.૧૬-૧૦-૧૨

| | | |
|---|---|---|
| પ્રથમ | કનીષી શાહ | પારિજાત |
| દ્વિતીય | શ્રુતિ ખરાટે | પારિજાત |
| | પ્રાચી સોની | પારિજાત |
| | નીશ્રા શાહ | અમલતાસ |
| તૃતીય | કુંજલ બ્રહ્મભટ્ટ | પલાશ |
| | ખુશાલી શાહ | પલાશ |
| | ફલક પંડિત | કદમ્બ |

| | | |
|---|---|---|
| **રંગોળી સ્પર્ધા :** | તા.૬-૧૧-૧૨ | |
| પ્રથમ | પરીના સુખડીયા | અમલતાસ |
| | ખુશાલી શાહ | પલાશ |
| દ્વિતીય | અમાની અમીન | અમલતાસ |
| | શ્રુતિ શાહ | કદમ્બ |
| | ધ્રુવ નવલખા | પારિજાત |
| તૃતીય | જૂહી ચોકસી | પલાશ |
| | પ્રાચી સોની | પારિજાત |
| **તોરણ સ્પર્ધા :** | તા.૭-૧૧-૧૨ | |
| પ્રથમ | યશ પટેલ | કદમ્બ |
| દ્વિતીય | પૃથા શાહ | કદમ્બ |
| | ડિન્કી જાની | પારિજાત |
| તૃતીય | સુહાની ભટ્ટ | અમલતાસ |
| **વકતૃત્વ સ્પર્ધા** | તા.૨૯-૧૨-૧૨ ધો.૫-૬-૭ | |
| પ્રથમ | યશવી વડેચા | કદમ્બ |
| દ્વિતીય | યુવરાજ વ્યાસ | પલાશ |
| તૃતીય | સિધ્ધાંત શાહ | પારિજાત |
| | સમકિત શાહ | કદમ્બ |
| | તા.૨૯-૧૨-૧૨ ધો. ૮ - ૯ | |
| પ્રથમ | કુંજલ બ્રહ્મભટ્ટ | પલાશ |
| દ્વિતીય | પ્રાર્થના ઝાલા | અમલતાસ |
| | કૈરવી પટેલ | અમલતાસ |
| તૃતીય | ફલક પંડિત | કદમ્બ |
| | ધ્રુમિ શાહ | કદમ્બ |

## વિનયમંદિર

તા.૯-૮-૧૨ના રોજ એન.સી.સી.ના ઉપક્રમે સ્વીમીંગ ટેસ્ટ લેવાયો જેમાં શાળાનાં દસ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | |
|---|---|---|
| **આરતી સ્પર્ધા :** | તા.૬-૧૦-૧૨ | |
| પ્રથમ | સ્તુતિ શાહ | મેઘદૂત |
| દ્વિતીય | ધ્વનિ શુક્લ | મેઘદૂત |
| | ખુશાલી શાહ | ચંદ્રમૌલિ |
| | કવિશા શુક્લ | પદ્મપુકુર |
| તૃતીય | નૈસર્ગી મહેતા | પદ્મપુકુર |
| | નૂપુર ત્રિવેદી | ચંદ્રમૌલિ |
| **તોરણ સ્પર્ધા :** | તા.૬-૧૦-૧૨ | |
| પ્રથમ | જૈનાક્ષી ભાવસાર | ગીતગોવિંદ |
| દ્વિતીય | ક્રિશ્ના ઠાકર | ચંદ્રમૌલિ |
| | પર્વ રાવલ | ચંદ્રમૌલિ |
| તૃતીય | વિદિશા શાહ | મેઘદૂત |
| **નિબંધ લેખન સ્પર્ધા :** | તા.૪-૧-૧૩ | |
| ગુજરાતી પ્રથમ | પ્રિયલ શાહ | ગીતગોવિંદ |
| દ્વિતીય | હેત્વી દેસાઈ | મેઘદૂત |
| | રિધ્ધિ વોરા | પદ્મપુકુર |
| તૃતીય | બિરવા શાહ | ચંદ્રમૌલિ |
| | ધ્વનિ શુક્લ | મેઘદૂત |
| હિન્દી પ્રથમ | ઉમંગ વોરા | પદ્મપુકુર |
| દ્વિતીય | નિકેત રસાણિયા | ગીતગોવિંદ |
| તૃતીય | કવિષા શુક્લ | પદ્મપુકુર |
| | ધ્રુતિ શાહ | ચંદ્રમૌલિ |
| અંગ્રેજી પ્રથમ | નિષ્ઠા દેસાઈ | પદ્મપુકુર |
| દ્વિતીય | રાજ શાહ | મેઘદૂત |
| તૃતીય | સમકિત શાહ | ગીતગોવિંદ |
| **સલાડ સ્પર્ધા :** | તા.૭-૧-૧૩ | |
| પ્રથમ | હેત્વી દેસાઈ | મેઘદૂત |
| દ્વિતીય | કવિષા શુક્લ | પદ્મપુકુર |
| | મૌલિ સંઘવી | ચંદ્રમૌલિ |
| તૃતીય | વિશ્વા કકૈયા | ગીતગોવિંદ |
| | ખુશાલી દેસાઈ | ચંદ્રમૌલિ |

### સંસ્થાનું ગૌરવ :

**તા.૧૮-૧૯ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ ઓરિએન્ટ કલબ ખાતે યોજાયેલ ઈન્ટરસ્કૂલ ઓરિએન્ટ ચેસ ટૂર્નામેન્ટ ૨૦૧૨માં શારદામંદિર મોડર્ન સ્કૂલના વિદ્યાર્થીઓ સમકિત શાહ, યુવરાજ વ્યાસ અને ચૈત્રી શાહે ખૂબ સારું રમીને ત્રીજું સ્થાન પ્રાપ્ત કરીને સ્કૂલ માટે ટ્રોફી મેળવી છે.**

## અભિનંદન

| સંસ્થા | વિદ્યાર્થીનું નામ | ઈનામ |
|---|---|---|
| | **વેસ્ટમાંથી બેસ્ટ** | |
| સી.એન.વિદ્યાલય | પ્રાશી કડિયા, ખુશાલી દેસાઈ હેત્વી દેસાઈ , હેલી | પ્રથમ |
| | **ફૂટબોલ** | |
| Rising Sun Soccer Academy ફૂટબોલ ચેમ્પીયનશીપ 4th open ગુજરાત | અમન શાહ | પ્રથમ |
| | **ચિત્ર** | |
| ગુજરાત રાજ્ય કલાશિક્ષક સંઘ | પ્રકૃતિ શુક્લ | ઈનામ |
| અખિલ હિંદ મહિલા પરિષદ | ખુશી શાહ<br>સ્મિત સોલંકી | પ્રથમ ધો.૧<br>પ્રથમ ધો.૨ |
| | **કરાટે** | |
| Advance TaEF UDO Martial Arts | દીપ કાપડીયા | યલો-૨ બેલ્ટ |
| 5th State level Karate Championship 2012 | દીપ કાપડીયા | પ્રથમ |
| Dhammika Kai Shito Ryu.ઈન્ટરસ્કૂલ સ્ટેટ લેવલ કરાટે ટૂર્નામેન્ટ | દીપ કાપડીયા | પ્રથમ |
| | **ચેસ** | |
| ગૂર્જર ચેસ એકેડેમી ઈન્ટરસ્કૂલ ટૂર્નામેન્ટ | શિવમ્ પાઠક<br>બંસરી શાહ | નવમું સ્થાન<br>દસમું સ્થાન |
| Fischer Chess Club | વ્રજ કાયસ્થ<br>ઋતુલ દાવડા<br>તિગ્માંશુ દવે<br>અક્ષત સથવારા | |

તંત્રી , મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે , આચાર્ય અને નિયામક શારદામંદિર, અમદાવાદ -૩૮૦૦૦૭.
email : shardamandir1924@gmail.com